# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

*****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સાંસ્કૃતિક શક્તિ તરીકેની ભારતની ઓળખને વધુ મજબૂત કરવા માટે સહિયારા પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો
2. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે ઉર્જા અને વીજળી ક્ષેત્ર તરફ કૃષિનું વૈવિધ્યકરણ દેશની આજની જરૂરિયાત છે
3. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ બે કરોડ ૮૨ લાખથી વધુ ઘરોનું નિર્માણ પૂર્ણ થયું
4. ઈરાનના અલી ખામેનીએ અમેરિકા સાથે પરમાણુ વાટાઘાટો ઈરાનને ભારે નુકસાન પહોંચાડનારી સાબિત થશે તેવી આશંકા વ્યક્ત કરી
5. વેવએક્સ મીડિયા, એનિમેશન અને મનોરંજન ક્ષેત્રોને વિકસાવવા માટે દેશભરમાં સાત ઇન્ક્યુબેશન સેન્ટર શરૂ કરશે
6. એશિયા કપ ટી-20 ક્રિકેટમાં આજે ભારતનો બાંગ્લાદેશ સાથે મુકાબલો

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ -CULTURAL POWER

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતની આર્થિક શક્તિ તરીકે વધતી જતી ઓળખની સાથે સાંસ્કૃતિક શક્તિ તરીકેની ઓળખને મજબૂત કરવા માટે સામૂહિક પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. નવી દિલ્હીમાં લલિત કલા અકાદમી દ્વારા આયોજિત 64મા રાષ્ટ્રીય કલા પ્રદર્શન સમારોહમાં સંબોધન કરતાં તેમણે કહ્યું કે, કલા સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવવા અને સમાજને વધુ સંવેદનશીલ બનાવવા માટે એક શક્તિશાળી માધ્યમ છે. તેમણે ભાર મૂક્યો કે ભારતીય કલા સતત વિકસિત થઈ રહી છે અને નવા પરિમાણો રજૂ કરી રહી છે.

## (બાઇટ - દ્રૌપદી મુર્મુ) NEW INDIA

શ્રીમતી મુર્મુએ લલિત કલા અકાદમી આ વર્ષે કલાકારોની કલાકૃતિઓના વેચાણને પ્રોત્સાહન આપી રહી છે તે અંગે ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે આનાથી કલાકારોને નાણાકીય સહાય મળશે અને દેશની સર્જનાત્મક અર્થવ્યવસ્થા મજબૂત થશે.

રાષ્ટ્રપતિએ ઉમેર્યું કે, તેમની કલાકૃતિઓનું વાજબી મૂલ્ય મળવાથી માત્ર કલાકારોને જ નહીં પરંતુ કલાને વ્યવસાય તરીકે આગળ વધારવા માંગતા લોકોને પણ પ્રોત્સાહન મળશે.

## (બાઇટ - દ્રૌપદી મુર્મુ) KALA

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GADKARI - AGRICULTURE

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે ઉર્જા અને વીજળી ક્ષેત્ર તરફ કૃષિનું વૈવિધ્યકરણ દેશની જરૂરિયાત છે.

આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા બાયોએનર્જી એન્ડ ટેક એક્સ્પોના બીજા સંસ્કરણમાં  સંબોધન કરતાં શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે ભારતની 65 ટકા વસ્તી કૃષિ અને ગ્રામીણ વિસ્તારો સાથે સંકળાયેલી છે, જ્યારે GDP માં તેમનું યોગદાન ફક્ત 14 ટકા છે. તેમણે ઉમેર્યું હતું કે ગામડાઓમાં ખેડૂતોને તેમના ઉત્પાદનના  વાજબી ભાવ ન મળવાને કારણે ગરીબી અને બેરોજગારી વધે છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક બજારો  ખાંડ, મકાઈ, તેલ અને સોયાબીન જેવા પાકોના ભાવ નક્કી કરે છે, જેના કારણે ભારતીય ખેડૂતો સંવેદનશીલ રહે છે. ગ્રામીણ, કૃષિ અને આદિવાસી અર્થતંત્રોને સુરક્ષિત રાખવા માટે આવી પહેલો દ્વારા કૃષિને ટેકો આપવો અને બાયોએનર્જીને પ્રોત્સાહન આપવું જરૂરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GOVT - HOUSES

પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ બે કરોડ 82 લાખથી વધુ ઘરોનું નિર્માણ પૂર્ણ થયું છે. ગ્રામીણ વિસ્તારોમાં 'બધા માટે ઘર' પૂરું પાડવા માટે આ યોજના 2016માં શરૂ કરવામાં આવી હતી.

આ યોજનાથી પાત્ર ગ્રામીણ પરિવારોને મૂળભૂત સુવિધાઓ સાથે પાકા ઘરોના નિર્માણમાં પણ મદદ મળી. આ યોજનાએ ગરીબી ઘટાડીને, જીવનધોરણમાં વધારો કરીને અને સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપીને ગ્રામીણ આવાસમાં નોંધપાત્ર સુધારો કર્યો છે.

આ વર્ષે ઓગસ્ટ સુધીમાં, ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કુલ ચાર કરોડ 12 લાખનું લક્ષ્ય ફાળવવામાં આવ્યું છે. જેમાંથી 3 કરોડ 85 લાખ ઘરોને મંજૂરી આપવામાં આવી છે, અને 2 કરોડ 82 લાખથી વધુ ઘરોનું નિર્માણ પૂર્ણ થયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GOYAL INDIA US ENERGY

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે ભારત આગામી પાંચ વર્ષમાં સ્વચ્છ ઉર્જાનો વિસ્તાર કરવા માટે ઉત્તમ સ્થિતિમાં છે.

ન્યૂયોર્કમાં યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમમાં સંબોધન કરતાં શ્રી ગોયલે કહ્યું કે સરકાર સ્વચ્છ ઉર્જા ક્ષમતા 250 ગિગાવોટ થી વધારીને 550 ગિગાવોટ કરવાનું લક્ષ્ય ધરાવે છે.

તેમણે કહ્યું કે અમેરિકા ભારતના ઉર્જા સુરક્ષા લક્ષ્યોમાં ભાગીદાર રહેશે. શ્રી ગોયલે વધુમાં જણાવ્યુ હતું કે સરકાર આગામી વર્ષોમાં ઉર્જા ઉત્પાદનો પર અમેરિકા સાથે વેપાર વધારવાની આશા રાખે છે અને બંને દેશો પરમાણુ ઉર્જા પર સહયોગ કરવાની યોજના બનાવી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAYSHANK.NEW YORK.LIKE-MINDED SOUTHERN COUNTRIES

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના **80**મા સત્રમાં ભાગ લેવા પહોંચેલા, ભારતીય વિદેશ મંત્રી જયશંકરે સમાન વિચારધારા ધરાવતા ગ્લોબલ સાઉથ દેશોની ઉચ્ચ-સ્તરીય બેઠકનું આયોજન કર્યું.

તેમના એક્સ હેન્ડલ પર બેઠકની વિગતો અને ફોટા શેર કરતા તેમણે લખ્યું કે," તેઓ બધાનું સ્વાગત કરીને ખુશ છે." જયશંકરે કહ્યું કે," વધતી જતી ચિંતાઓ અને જોખમોની બહુવિધતાને જોતાં, ગ્લોબલ સાઉથના ઉકેલો માટે બહુપક્ષીયતા તરફ વળવું સ્વાભાવિક છે.

"તેમણે એક્સ પોસ્ટ પર જણાવ્યું હતું કે," વૈશ્વિક બાબતો પર ગ્લોબલ સાઉથના દ્રષ્ટિકોણ માટે . એકતા વધારવા અને સહયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સહિતના કેટલાંક પ્રસ્તાવો પર ચર્ચા કરી.

જયશંકરે ડચ વિદેશ મંત્રી ડેવિડ વૈન વીલ, જમૈકાના વિદેશ મંત્રી, સેન્ટ લુસિયાના,વિદેશ મંત્રી અલ્વા બૈપ્ટિસ્ટ, મોરેશિયસના વિદેશ મંત્રી રિતેશ રામફૂલ, સુરીનામના વિદેશ મંત્રી મેલ્વિન બૌંવા, ડેનમાર્કના વિદેશ મંત્રી અને શ્રીલંકાના વિદેશ મંત્રી સાથે પણ મુલાકાત કરી.

જયશંકરે ગઈકાલે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો સાથે મુલાકાત કરી. વિદેશ મંત્રી જયશંકર ૨૭ સપ્ટેમ્બરે, યુએનજીએના પ્લેટફોર્મ પરથી નિવેદન આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# IRAN-NUCLEAR TALKS

ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનીએ વર્તમાન પરિસ્થિતિઓમાં અમેરિકા સાથે પરમાણુ વાટાઘાટો સામે ચેતવણી આપતા કહ્યું છે કે આવી વાટાઘાટો ઈરાનને ભારે નુકસાન પહોંચાડી શકે છે, જેમાંથી કેટલાકની ભરપાઈ ન થઈ શકે તેવા હોઈ શકે છે.

ખામેનીએ અમેરિકાના વલણની ટીકા કરતા કહ્યું કે ઈરાનની પરમાણુ પ્રવૃત્તિઓ અને યુરેનિયમ સંવર્ધનને રોકવાની માંગ કરીને, અમેરિકાએ વાટાઘાટોનું પરિણામ પૂર્વનિર્ધારિત કરી દીધું છે.

ઉલ્લેખનીય છે કે ઈરાને જુલાઈ 2015 માં કેટલાંક દેશો સાથે પરમાણુ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં પ્રતિબંધો હટાવવાના બદલામાં તેના પરમાણુ કાર્યક્રમના કેટલાક પાસાઓને નિયંત્રિત કરવા સંમતિ આપી હતી.

જો કે, મે 2018 માં, અમેરિકા આ  કરારમાંથી ખસી ગયું અને ફરીથી પ્રતિબંધો લાદ્યા હતા. જેના કારણે તેહરાનને કરાર હેઠળ તેની પ્રતિબદ્ધતાઓમાં ઘટાડો કરવાની ફરજ પડી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WAVE X - INCUBATION CENTRES

સ્ટાર્ટઅપને પ્રોત્સાહ આપનારું પ્લેટફોર્મ, વેવએક્સે મીડિયા, એનિમેશન અને મનોરંજન ક્ષેત્રોને ટેકો આપવા માટે દેશભરમાં સાત ઇન્ક્યુબેશન સેન્ટર શરૂ કરવાની જાહેરાત કરી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ સેન્ટરો દિલ્હી, જમ્મુ, કેરળ, મહારાષ્ટ્ર, પુણે કોલકાતામાં શરૂ કરાશે. મંત્રાલયે જણાવ્યું હતું કે ઇન્ક્યુબેશન સુવિધાઓ શરૂ થવાથી સ્ટાર્ટઅપ્સને ફિલ્મ નિર્માણ, રમત વિકાસ અને સંપાદન માટે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ નવા સેન્ટરો મુંબઈમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી જેવી જ માળખાગત સુવિધાઓ અને પ્રારંભિક તબક્કાની સુવિધાઓ પ્રદાન કરશે.

વેવએક્સ હેઠળ કાર્યરત સ્ટાર્ટઅપ્સને દૂરદર્શન, ઓલ ઇન્ડિયા રેડિયો, ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો, પ્રકાશન વિભાગ અને ઇલેક્ટ્રોનિક મીડિયા મોનિટરિંગ સેન્ટરના મીડિયા એકમો સાથે કામ કરવાની તક મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## STOCKS-1200

એચ-1 બી વિવાદના દબાણના કારણે વૈશ્વિક બજારોની સાથેસાથે ભારતીય શેરબજારમાં પણ સતત ચોથા દિવસે કડાકાનો દોર યથાવત રહ્યો હતો.

આજે બપોરના સમયે બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી, લગભગ ઘટ્યા હતા. PSU બેંક સિવાય, મોટાભાગના અન્ય ક્ષેત્રીય સૂચકાંકો ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 340 પોઈન્ટ ઘટીને 81 હજાર 750ની આસપાસ જ્યારે નિફ્ટી 90 પોઈન્ટ જેટલો ઘટીને 25 હજારની આસપાસ કારોબાર કરી રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PUNJAB-CANCER DETECTION

પંજાબે સૌપ્રથમ કૃત્રિમ બુદ્ધિમત્તા -આધારિત સ્ક્રીનીંગ ટૂલ્સ રજૂ કર્યા છે જે સ્તન કેન્સર, સર્વાઇકલ કેન્સર અને આંખ સંબંધિત રીફ્રેક્ટિવ એરર્સના પ્રારંભિક નિદાનમાં મદદ કરશે.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના નેશનલ કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામ મુજબ, 2024 માં પંજાબમાં 42 હજાર 228 કેન્સરના કેસ નોંધાયા હતા, જે 2023 કરતા સાત ટકા વધુ છે. પંજાબના આરોગ્ય મંત્રીએ જણાવ્યું છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા -આધારિત ટૂલ્સની શરૂઆતથી દરરોજ 600 આંખની તપાસ અને 300 સ્તન અને સર્વાઇકલ કેન્સરની તપાસના પ્રારંભિક નિદાનમાં મદદ મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ASIA CUP

એશિયા કપ ટી-20 ક્રિકેટમાં આજે ભારત દુબઈ ક્રિકેટ સ્ટેડિયમમાં બાંગ્લાદેશ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે **8:00** વાગ્યે શરૂ થશે.

ગઇકાલે પાકિસ્તાને **UAE**ના અબુ ધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમ ખાતે રમાયેલી સુપર ફોર મેચમાં શ્રીલંકાને **5** વિકેટથી હરાવ્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .